# હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી પદે વીરભદ્રસિંહ

## વીરભદ્રસિંહ છઠ્ઠી વખત હિમાચલના મુખ્યપ્રધાન બન્યા : ૧૦ સભ્યોના પ્રધાનમંડળનું નેતૃત્વ કરશે

શિમલા, તા. ૨૫

કોંગ્રેસના વરિષ્ઠ નેતા વીરભદ્રસિંહે આજે શિમલાના ઐતિહાસિક રિઝ મેદાનમાં હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. શપથ વિધિ ક્રાયક્રમમાં કોંગ્રેસના અનેક ટોચના નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. રાજયપાલ ઉર્મિલાસિંહે વીરભદ્રસિંહનો હોદ્દા અનો ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. વીરભદ્રસિંહ છઠ્ઠી વખત હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી બન્યા છે. તાજેતરમાં જ યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં વીરભદ્રસિંહના નેતૃત્વમાં કોંગ્રેસે ૩૬ બેઠકો જીતીને સત્તામાં વાપસી કરવામાં સફળતા મેળવી હતી. હિમાચલ વિધાનસભા ચૂંટણીના પરિણામ વીરભદ્રસિંહના ભાવી માટે મહત્વપૂર્ણ હતા. વીરભદ્રસિંહ અગાઉ પાંચ વખત રાજયના મુખ્યમંત્રી તરીકે સેવા આપી ચૂક્યા છે. હિમાચલ પ્રદેશ કોંગ્રેસ સમીતિના પ્રમુખ વીરભદ્રસિંહ પોતે શિમલા (ગ્રામીણ) મત વિસ્તારમાંથી જીતી ગયા હતા. તેઓએ તેમના નજીકના હરીફ ભાજપના ઈશ્વર રોહલ ઉપર ૧૯૦૩૩ મતે જીત મેળવી હતી.



૭૮ વર્ષીય વીરભદ્રસિંહ હજુ સુધી લોકસભાના ચાલુ સભ્ય પણ હતા પરંતુ તેઓએ ભ્રષ્ટાચારના આક્ષેપો બાદ કેન્દ્રીય કેબીનેટમાંથી રાજીનામુ આપ્યું હતું. ચૂંટણીના થોડાક દિવસ પહેલાં વીરભદ્રસિંહની કોંગ્રેસ પાર્ટીના વડા તરીકે નિમણૂક કરવામાં આવી હતી. વીરભદ્રસિંહે પોતાની પાર્ટીને વિધાનસભાની ચૂંટણીમાં જીત અપાવવામાં ચાવીરૂપ ભૂમિકા અદા કરી હતી. જેથી કોઈપણ વિવાદ વગર તેમની હિમાચલ વિધાનસભા પક્ષના નેતા તરીકે નવા ચૂંટાયેલા કોંગ્રેસના સભ્યો દ્વારા પસંદગી કરવામાં આવી હતી. હિમાચલમાં ફરીવાર કોંગ્રેસ તેમના કારણે જ સત્તામાં આવી શકી છે. હિમાચલના વિકાસને વધુ આગળ વધારવા વીરભદ્રસિંહે કહ્યું છે. ચૂંટણી મુદ્દામાં પણ વિકાસનો મુદ્દો જ આગળ લાવવામાં આવ્યો હતો. વીરભદ્રસિંહે શપથ લીધા બાદ તેમના છ વફાદારોને પણ મંત્રાલયમાં સામેલ કરવામાં આવ્યા છે. આની સાથે જ તેઓ પ્રાથમિક રીતે ૧૦ સભ્યોના પ્રધાનમંડળનું નેતૃત્વ કરી રહ્યા છે. રાજ્ય કેબીનેટમાં બે વધુ જગ્યાઓ હજુ ખાલી છે.

## નવ મેટ્રો સ્ટેશન હજુ બંધ સ્થિતિમાં : ભારે અંધાધૂંધી

નવી દિલ્હી, તા. ૨૫

દિલ્હીમાં ગેંગરેપના બનાવ બાદ સાવચેતીના પગલારૂપે મેટ્રો સ્ટેશનને સતત ત્રીજા દિવસે બંધ રાખવામાં આવતા લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ભારે અંધાધૂંધી જોવા મળી રહી છે. ૨૦૦૦૦૦ જેટલા યાત્રીઓને અસર થઈ રહી છે. બે મોટા સ્ટેશન સહિત નવ મેટ્રો સ્ટેશનોને બંધ રાખવામાં આવ્યા છે. ત્રણ દિવસથી મેટ્રો સ્ટેશન બંધ રહેતા અરાજકતા સર્જાઈ છે.

દિલ્હી મેટ્રોના પ્રવક્તા અનુજ દયાલે માહિતી આપતા કહ્યુ છે કે



સામાન્યરીતે ૧૬ લાખ યાત્રીઓ નોંધાય છે પરંતુ સંખ્યા ઘટીને હવે ૧૪.૨૨ લાખ થઈ ગઈ છે. દિલ્હી મેટ્રો શહેરની લાઈફલાઈન સમાન બની ગઈ છે. દિલ્હી મેટ્રો દરરોજ આશરે ૧.૮ મિલિયન લોકોને લઈને મુસાફરી કરે છે. જેમાં ૨૭૦૦ ટ્રીપનો સમાવેશ થાય છે. પખવાડિયા બાદથી નવ મેટ્રો સ્ટેશન પ્રગતિ મેદાન, મંડી હાઉસ, બારાખમ્ભા રોડ, રાજીવ ચોક, ખાન માર્કેટ, રેસકોર્સ, ઉદ્યોગભવન, કેન્દ્રિય સચિવાલય, અને પટેલ ચોકને બંધ રાખવામાં આવ્યા છે. પોલીસે દેખાવ ન કરવા લોકોને અપીલ કરી છે પરંતુ દેખાવોનો દોર જારી રહ્યો છે. ખાસ કરીને રાજીવ ચોક પર વધારે અસર થઈ છે. રાજીવ ચોકને પાટનગરના સૌથી વ્યસ્ત સ્ટેશન પૈકીના એક તરીકે ગણવામાં આવે છે. કોનોટ પ્લેસ અને કેન્દ્રિય સચિવાલયમાં રાજીવ ચોક બંને આંતર ફેરફાર સ્ટેશન તરીકે છે. મેટ્રો ટ્રેનો આ સ્ટેશનો પૈકી સાત ખાતે રોકવામાં આવી રહી નથી પરંતુ રાજીવ ચોક અને કેન્દ્રિય સચિવાલય ખાતે રોકવામાં આવે છે. રાજીવ ચોક સ્ટેશનને બંધ કરાતા લોકોને ભારે મુશ્કેલી નડી રહી છે.

## ઝપાઝપીમાં ઘાયલ થયેલા દિલ્હી પોલીસના કોન્સ્ટેબલનું આજે સવારે અવસાન

### સંપૂર્ણ રાજકીય સન્માનની સાથે સુભાષ તોમરના અંતિમ સંસ્કાર : મામલામાં ૮ લોકોની સામે હત્યાનો કેસ દાખલ

નવી દિલ્હી, તા. ૨૫

દિલ્હી ગેંગ રેપ બનાવ સામેના વિરોધમાં થઈ રહેલા હિંસક વિરોધ પ્રદર્શન દરમિયાન ઈન્ડિયાગેટ ખાતે થયેલી ઝપાઝપીમાં ઘાયલ થયેલા દિલ્હી પોલીસના કોન્સ્ટેબલનું આજે સવારે અવસાન થયુ હતુ. તેઓ ઘાયલ થયા બાદ હાલ સારવાર હેઠળ હતા. મોડેથી તેમના સંપૂર્ણ રાજકીય સન્માન સાથે અંતિમસંસ્કાર કરવામાં આવ્યા હતા. દેખાવ દરમિયાન તેમના પર ટોળાએ હુમલો કરી દીધો હતો. અંતિમ સંસ્કારમાં મોટી સંખ્યામાં અધિકારીઓ અને રાજકીય નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા.

દિલ્હી ગેંગ રેપના મામલે દેશભરમાં આક્રોશ ફેલાયેલો છે ત્યારે ગેંગરેપ સામેના વિરોધ દરમિયાન ઈન્ડિયા ગેટ ખાતે થયેલી હિંસામાં ઘાયલ થયેલા દિલ્હી પોલીસના કોન્ટેબલનું આજે સવારે ૬.૩૦ વાગ્યે સારવાર દરમિયાન મોત થયું હતું. જોરદાર દેખાવો દરમિયાન આ પોલીસ કોન્સ્ટેબલ ઘાયલ થયા હતા. આજે સવારે રામમનોહર લોહિયા હોસ્પિટલમાં ૪૭ વર્ષીય સુભાષચંદ તોમરે અંતિમ શ્વાસ લીધા હતા. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા બાદથી સુભાષચંદ તોમર વેન્ટીલેટર ઉપર હતા. ઉત્તર પ્રદેશમાં મેરેટથી ગ્રેજ્યુએટ થયા બાદ તોમર પોલીસમાં જોડાયા હતા. તોમરને કારાવલ નગર વિસ્તારમાં તેનાત કરવામાં આવ્યા હતા.

ઈન્ડિયા ગેટ ખાતે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવી રાખવા માટે તેમને બોલાવવામાં આવ્યા હતા. રવિવારના દિવસે વિરોધ પ્રદર્શન દરમિયાન હિંસા ભડકી ઊઠતા તેઓ ઘાયલ થયા હતા. આ દેખાવ દરમિયાન તેઓ તિલક માર્ગ ખાતે ઘાયલ થયેલી હાલતમાં તે મળી



આવ્યા હતા. તેમને તરત હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં આજે સવારે તેમનું મોત થયું હતું.

હિંસક અથડામણ દરમિયાન ઘાયલ થયેલા પોલીસ કોન્સ્ટેબલના મોતથી પોલીસ બેડામાં આઘાતનું મોજું ફળી વળ્યું છે. આ સમગ્ર મામલામાં આઠ લોકોની સામે હત્યાનો કેસ દાખલ કરવામાં આવ્યો છે. એવું જાણવા મળ્યું છે કે ઈન્ડિયા ગેટ ખાતે તિલક માર્ગ ઉપર તોમરને દેખાવકારોએ માર માર્યો હતો. આ ઉપરાંત પથ્થરમારામાં પણ તેઓ ઘાયલ થયા હતા. રવિવારના દિવસે થયેલી હિંસક અથડામણમાં સેકડો લોકો ઘાયલ થયા હતા. આ દિવસે રક્તપાતમાં ૧૫૦ લોકો ઘાયલ થયા હતા જે પૈકી ૭૮ પોલીસ જવાન હતા. ચાર વરિષ્ઠ પોલીસ અધિકારીઓ પણ હતા. તોમરના મોતથી આ સમગ્ર મામલે વધુ ગરમી ફેલાઈ ગઈ છે. બીજી બાજુ હિંસક પ્રદર્શનનો દોર યથાવત્ રીતે જારી રહ્યો છે. બળાત્કારીઓને ફાંસીની સજાની માંગ વધુ તીવ્ર બની રહી છે.

## નવા વર્ષમાં ખાંડની કિંમતને અંકુશ મુક્ત કરાય તેવી વકી

નવી દિલ્હી, તા. ૨૫

ખાંડની કિંમતને વર્ષ ૨૦૧૩માં અંકુશ મુક્ત કરવાની હિલચાલ શરૂ થઈ ગઈ છે જેથી ખાંડની કિંમતમાં નવા વર્ષમાં ઉથલ પાથલ જોવા મળી શકે છે. ૮૦,૦૦૦ કરોડના ખાંડ ઉદ્યોગ માટે આ વર્ષ ખૂબ જ યોગ્ય રહ્યું હતું. કારણ કે ખાંડનું વિક્રમી ઉત્પાદન થયું હતું. સાથે સાથે વિકાસમાં પણ વધારો થયો હતો. નવા વર્ષમાં સરકારી અંકુશમાંથી મુક્તિ મળવાની શક્યતા દેખાઈ રહી છે. જો કે ગ્રાહકોને આ સમગ્ર વર્ષ દરમિયાન ખાંડ માટે કિલોદીઠ ૧૦ રૂપિયા વધુ ચૂકવવા પડ્યા છે. ઊંચી રિટેલ કિંમતોના પરિણામ સ્વરૂપે ખાંડ ઈન્ડસ્ટ્રીના ખર્ચ રિકવર કરવામાં મદદ મળી છે. સાથે સાથે ખેડૂતોને સમગ્ર શેરડીની ચૂકવણી કરવામાં પણ મદદ મળી છે. વર્ષ ૨૦૧૧-૧૨ના માર્કેટિંગ વર્ષ (ઓક્ટોબર-સપ્ટેમ્બર)ના ગાળા દરમિયાન ૫૨૦૦૦ કરોડની કિંમતની ચૂકવણી ખેડૂતોને કરવામાં આવી હતી. આ વર્ષની શરૂઆત ખૂબ સારી થઈ હતી. કારણ કે વડાપ્રધાને ખાંડ સેક્ટરના અંકુશ મુક્તની ચકાસણી કરવા જાન્યુઆરી મહિનામાં એક નિષ્ણાંત પેનલની રચના કરી હતી જેથી આશા એવી જાગી છે કે વર્ષ ૨૦૧૩ ખાંડ માટે ખૂબ યોગ્ય વર્ષ તરીકે રહી શકે છે. સરકાર તેના અંકુશમાં રહેલા એક માત્ર ઈન્ડસ્ટ્રીને પણ મુક્તિ આપી શકે છે. ખાંડ ઈન્ડસ્ટ્રી ઉપર પાચં કરોડ શેરડીના ખેડૂતો આધારિત છે. ખાંડ ઈન્ડસ્ટ્રી શેરડીની કિંમતો નક્કી કરવાથી બજારમાં આવવા સુધીની બાબતો નક્કી કરે છે. સી. રંગરાજનના નેતૃત્વમાં નિષ્ણાંત સમીતિએ ઓક્ટોબર મહિનામાં ખાંડ સેક્ટરના અંકુશ મુક્ત અંગે હકારાત્મક અહેવાલ આપ્યો હતો અને બે મોટા નિયંત્રણોને તરત દૂર કરવાની વાત કરી હતી. કેન્દ્ર સરકાર ઓપન માર્કેટમાં વેચવામાં આવે તેવા ખાંડના જથ્થાને નક્કી કરે છે. પેનલે અહેવાલ સુપરત કર્યા બાદ સરકારે ગણતરીનો દોર શરૂ કરી દીધો છે. સરકારે સંકેત આપ્યો છે કે તે ઓપન માર્કેટ સેલ માટે ખાંડ ક્વોટાની ફાળવણીને તબક્કાવાર રીતે દૂર કરશે.

## કમકમાટીપૂર્ણ ઘટનાના મામલે રોષ વાજબી છે પરંતુ હિંસા કોઈ સમસ્યાનો કોઈ ઉકેલ નથી : રાષ્ટ્રપતિ

અલ્હાબાદ, તા. ૨૫

દિલ્હીમાં પેરા મેડિકલની વિદ્યાર્થિની પર સામુહિક બળાત્કારના મામલે દેશભરમાં હોબાળો મચેલો છે ત્યારે રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ આજે આ બનાવને લઈને દુઃખ વ્યક્ત કર્યુ હતુ અને કહ્યુ હતુ કે લોકોમાં આ કમકમાટીપૂર્ણ ઘટનાના મામલે રોષ વાજબી છે પરંતુ હિંસા કોઈ સમસ્યાનો કોઈ ઉકેલ નથી. રાષ્ટ્રપતિએ કહ્યુ હતુ કે આ બનાવથી ભારે આઘાત લાગ્યો છે. આ ખુબજ ઘૃણાસ્પદ કૃત્ય છે. બીજીબાજુ રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં આ બનાવ સામેના વિરોધ દરમિયાન ભડકેલી હિંસા દરમિયાન ઘાયલ થયેલા પોલીસ કેન્સ્ટેબલના મોત મામલે રાષ્ટ્રપતિએ દુઃખ વ્યક્ત કર્યુ હતુ અને કહ્યુ હતુકે લોકોને તેમની ભાવનાઓને અંકુશમાં રાખવાની જરૂર છે. સરકાર દ્વારા તમામ જરૂરી પગલા લેવામાં આવી રહ્યા છે. રાષ્ટ્રપતિ અલ્હાબાદ શહેરમાં એક કાર્યક્રમના ભાગરૂપે આવ્યા હતા. મોતીલાલ નહેરુ નેશનલ ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજીમાં કન્વોકેશન સંબોધનમાં મુખર્જીએ કહ્યુ હતુ કે આ બનાવ



તમામને આઘાતમાં મુકે છે. લોકોની નારાજગી બિલકુલ વાજબી છે પરંતુ હું યુવાઓને યાદ અપાવવા માંગુ છુ કે હિંસાથી કોઈ ઉકેલ આવશે નહીં. હિંસક દેખાવમાં ઘાયલ થયેલા એક સુરક્ષા જવાનનું મોત થઈ ગયુ છે. પોતાની ફરજ અદા કરતી વેળા આ પોલીસ જવાનનું મોત થયુ છે. મુખર્જીએ ભાવનાઓને અંકુશમાં રાખવા યુવાઓને અનુરોધ કરીને આશા વ્યક્ત કરી હતી કે આવા બનાવો ફરી બનશે નહીં. ભોગ બનેલી યુવતીને એક સાહસી યુવતી તરીકે ગણાવી રાષ્ટ્રપતિએ કહ્યુ હતુ કે તેની ઝડપી રિકવરી માટે પ્રાર્થના કરે છે. સરકાર પરિસ્થિતિને લઈને ખૂબજ એલર્ટ છે. આવા કમનસીબ બનાવો ફરી ભવિષ્યમાં ન બને તે માટે તમામ જરૂરી પગલા લેવાઈ રહ્યા છે. રાષ્ટ્રપતિએ ઉમેર્યુ હતુ કે નાકારાત્મક વિચારસરણીના અનુસંધાનમાં મહિલાઓ સામે આવા હુમલા થતા રહે છે. સમાજમાં ચોક્કસ અસામાજિક તત્વોની પ્રવૃત્તિ પર અંકુશ મુકવાની જરૂર છે. આપણા સમાજના દરેક સભ્યોએ મહિલાનું પૂર્ણ સન્માન કરવું જોઈએ. રાષ્ટ્રપતિ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં ઉત્તરપ્રદેશના રાજયપાલ બીએલ જોષી પણ ઉપસ્થિત રહ્યા હતા.

## આત્મ બચાવ માટે માર્શલ આર્ટ શિખવા સૂચન કરાયુ

પટણા, તા. ૨૫

મહિલાઓ સામે વધતા ગુનાઓને ધ્યાનમાં લઈને દરેક રાજ્યમાં જુદી જુદી વ્યવસ્થા અને જુદા જુદા પગલા લેવામાં આવી રહ્યા છે ત્યારે બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે પોતાના આત્મ બચાવના હેતુસર શિક્ષણની સાથે સાથે માર્શલ આર્ટ શીખવાની સલાહ આપી છે. મુખ્યમંત્રીએ એક કાર્યક્રમમાં આ મુજબની વાત કરી હતી. તેમણે કહ્યુ હતુ કે આના અનુસંધાનમાં રાજ્ય સરકાર બિહારમાં ઘણી સ્કૂલોમાં જુડો અને કરાટેના ટ્રેનિંગ કાર્યક્રમ શરૂ કરી રહી છે. એક લાખથી વધુ યુવતિઓ માર્સલ આર્ટ આ કાર્યક્રમ મારફતે શીખી ચુકીછે. તેમણે ઉમેર્યુહતુ કે માર્સલ આર્ટ એક રમતના ભાગરૂપે છે પરંતુ પોતાના આત્મ બચાવમાં માર્શલ આર્ટ ખુબજ મહત્વપૂર્ણ સાબિત થાય છે. દિલ્હીમાં બનાવ બાદ નીતિશકુમારે આ મુજબની રજુઆત કરી છે.

### હળવાશની ક્ષણોમાં ! (પાના નં. ૪નું ચાલુ)

આવું સ્ટેટમેન્ટ આપી - બળતામાં ઘી હોમી! - તે તો ખસી ગઈ!

પરંતુ આપણે ત્યાં સંસદમાં ધમાધમીની શરૂઆત થઈ ગઈ!

આ ૧૨૫ કરોડ રૂપિયા કોના ખીસામાં ગયા તેની ચર્ચામાં બીજા ૧૨૫ કરોડ ખર્ચાઈ જશે!

દાળશાકમાં મસાલા કે શાકભાજી વેંચવા આપણે ત્યાં FDI ની જરૂર નથી. જરૂર છે એવા ફીલ્ડમાં કે જયાં આપણે ટેકનોલોજીમાં પાછળ હોઈએ કે નાસાના મંગળ પર મોકલેલ ‘કયુરીયોસીટી’ જેવા પ્રૉજેક્ટ માટે કે મેડિકલ ફિલ્ડની લેઈટેસ્ટ રિસર્ચને લાવવા વિગેરે માટે!

બાકી દાળશાકના મસાલા કે શાકભાજી તો આ લખનાર પણ વેંચી શકે!

વળી શરૂઆતમાં આવી જાયન્ટ કંપનીઓ વસ્તુ સસ્તી વેચશે. બજારમાં સો રૂપિયે મળતી ટુથપેસ્ટ ૯૦ રૂપિયામાં વેંચશે તેથી ખરીદનારાઓની ત્યાં લાઈન લાગશે અને પરિણામે આપણા નાના પ્રોવિઝન સ્ટોર્સ બંધ થવા માંડશે! અરે, પ્રોવિઝન સ્ટોરવાળા ખુદ પોતાના ઘર માટે જોઈતી ટુથપેસ્ટ માટે પણ ત્યાં લાઈન લગાવશે!

મોટા ભાગના આવા નાના સ્ટોર્સ બંધ થયા પછી જ તેમનો અસલી ચહેરો સામે આવશે! બિઝનેશમાં મોનોપોલી સ્થપાયા પછી સો રૂપિયાવાળી ટુથપેસ્ટ પર ૧૨૫ રૂપિયાની MRP પ્રિન્ટ કરી ૧૧૫ રૂપિયામાં આપશે!

હવે વાંચો આવા જાયન્ટ મૉલની સેલ્સ સ્ટ્રેટેજી એક રસપ્રદ કિસ્સો!

એક ભાઈ આંખો ચોળતાં ચોળતાં સવારે ઉઠીને બ્રસ કરવા ટૂથપેસ્ટ શોધતા હતા. જયારે તેની નિયત જગ્યાએથી ટૂથપેસ્ટ મળી નહીં ત્યારે તેણે ટૂથપેસ્ટ શોધવાનું માંડી વાળી પોતાના જ ઘરમાં ‘ઘરવાળી’ને શોધવાનું શરૂ કર્યું!

ટૂથપેસ્ટ ભલે ન મળી પરંતુ ‘ઘરવાળી’ (પત્ની) તો મળી ગઈ!

તેણે જયારે ટુથપેસ્ટ અંગે પૂછ્યું ત્યારે પત્નીએ કહ્યું, ‘ગઈ કાલે તો હું બે હજાર રૂપિયાની ટુથપેસ્ટ લાવી છું!’

આ સાંભળી અર્ધ ઊંઘમાં રહેલો પતિ સંપૂર્ણ જાગી ગયો!

તેનાથી લગભગ મરણ ચીસ જેવી બૂમ પડાઈ ગઈ - ‘બે હજાર રૂપિયાની ટૂથપેસ્ટ?!’

પત્નીએ ઠંડે કલેજે જવાબ આપ્યો કે - ‘એક ઉપર એક ફ્રી’ની સ્કીમ હતી ને! પરંતુ તેમાં કન્ડિશન હતી કે એક હજાર રૂપિયાની ટૂથપેસ્ટ લ્યો તો’જ! (એટલે કે એક હજાર રૂપિયામાં બે હજાર રૂપિયાની ટુથપેસ્ટ!)

તેમાં આમ ચમકી શું ગયા! આપણે ઘઉં-ચોખા વિ. સિઝનના નથી ભરતાં?!’

હવે આવા જાયન્ટ મૉલ્સની બીજી અસર અંગે વિચારીએ.

નાની નાની બધી દુકાનો બંધ થવાથી બેરોજગારીનો એક નવો પ્રશ્ન ઊભો થશે! વર્ષો પછી ‘ઈસ્ટ ઈન્ડિયા કંપની’ જેવું નહીં બને તેની પણ શું ખાત્રી?! કારણ કે બ્રિટિશરોએ પણ વ્યાપાર માટે ‘ઈસ્ટ ઈન્ડિયા કંપની’ સ્થાપી હતી જે પાછળથી બ્રિટીશ સલ્તનતમાં ફેરવાઈ ગઈ હતી!

જો આવું થાય તો આપણને ફરીથી ‘દાંડીકૂચ’ કરવાનો દિવસો આવે! ચાલો, એ પણ સમજયા! પરંતુ ત્યારે આપણી પાસે પોરબંદર વાળા સ્વદેશી ગાંધી તો હશે જ નહીં ને! અને વિદેશી ગાંધી આવું અશક્ય કામ કરી શકે?

બેશક નહીં જ! તો ચાલો રિટેઈલમાં FDI સામે આંદોલન ચલાવીએ કારણ કે આપણને રિવર્સમાં નથી જવું!

## ડિપોઝિટ રેટમાં વધારો કરવાનો સિલસિલો શરૂ

મુંબઈ, તા. ૨૫

થાપણના રેટમાં વધારો કરવાનો સિલસિલો બેંકો દ્વારા જારી રાખવામાં આવ્યો છે. રિઝર્વ બેંકે આ નાણાંકીય વર્ષના ચોથા ત્રિમાસિક ગાળામાં રેટ કાપનો સંકેત આપ્યો છે પરંતુ કેટલીક બેંકોએ થાપણના દરમાં ૨૫થી ૩૫ બેઝિક પોઈન્ટનો વધારો કરવામાં આવ્યો છે. જુદી જુદી પાકતી મુદતો માટે થાપણના દરમાં વધારો કરવામાં આવ્યો છે.

એક બાજુ ફેડરલ બેંકે ડિપોઝિટ રેટમાં ૨૫ બેઝિક પોઈન્ટનો વધારો એકથી ત્રણ વર્ષની અવધિ માટે કર્યો છે. આની સાથે જ ડિપોઝિટ રેટ નવ ટકા થઈ ગયો છે. જ્યારે દેના બેંકે પણ થાપણના રેટમાં ૩૫ બેઝિક પોઈન્ટનો વધારો કર્યો છે. અન્ય બેંકોએ પણ થાપણના રેટમાં વધારો કરવા વિચારણા કરી રહી છે. બેંકિંગ વ્યવસ્થામાં ડિપોઝિટ ગ્રોથમાં વાર્ષિક આધાર પર ઘટાડો થયો છે. ટાઈટ લિક્વિડિટીની સ્થિતિ પ્રવર્તી રહી છે. દેશની સૌથી મોટી ધીરાણ આપતી બેંક એસબીઆઈએ હાલમાં ૧-૨ વર્ષની અવધિની થાપણો પર ૮.૫૦ ટકાના રેટની ઓફર કરી છે. જો કે એસબીઆઈના ચેરમેન પ્રતીપ ચૌધરીએ કહ્યુ છે કે તેમાં ઘટાડો થઈ શકે છે. કારણ કે થાપણોને આકર્ષિત કરવાની બાબત મુશ્કેલરૂપ થઈ ગઈ છે. જાણકાર લોકોનું કહેવું છે કે બેંકિંગ ક્ષેત્રોમાં ચાલી રહેલી સ્પર્ધા વચ્ચે બેંકોને પગલા લેવાની ફરજ પડી છે.

## અટલ બિહારી વાજપેયીને ભારત રત્ન આપવા માંગ

ભોપાલ, તા. ૨૫

દેશના પૂર્વ વડાપ્રધાન અને ભાજપના વરિષ્ઠ નેતા અટલબિહારી વાજપેયીના જન્મદિનની આજે દેશભરમાં ઉજવણી થઈ રહી છે ત્યારે ફરી એકવાર તેમને દેશના સર્વોચ્ચ નાગરિક સન્માન ‘ભારત રત્ન’ પુરસ્કારથી નવાજવાની માંગ ઉઠી રહી છે. મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણે પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીને ‘ભારત રત્ન’થી સન્માનીય કરવાની માંગ કરતાં કહ્યું હતું કે, તેઓ એક એવા નેતા છે જેને તમામ લોકો પ્યાર અને આદર કરે છે.

વાજપેયીના વ્યક્તિત્વ પર આધારિત જનસંપર્ક વિભાગના પ્રદર્શનનું ઉદઘાટન કર્યા પછી ચૌહાણે પત્રકારો સાથેની વાતચીતમાં વાજપેયીને ભારત રત્નથી નવાજવાની માંગ કરતાં કહ્યું હતું કે, આજે પણ જનતાના દિલ પર તેઓ રાજ કરે છે. તેઓ સામાન્ય લોકોના દિલના હાર છે. તેમણે વડાપ્રધાન તરીકે દેશની અદભુત સેવા કરી છે. માત્ર દેશને પરમાણુ સંપન્ન રાષ્ટ્ર બનાવીને તેનું માન સન્માન વધાર્યુ એટલું જ નહીં પરંતુ સમગ્ર દેશને જોડવા માટે રાષ્ટ્રીય રાજમાર્ગને (સ્વર્ણીમ ચર્તુભુજ યોજના) અને ગામડાઓની તસવીર બદલવા માટે વડાપ્રધાન ગ્રામ સડક યોજના બનાવી હતી. વાજપેયીના જન્મદિન પર તેમને સમર્પિત આ પ્રદર્શનમાં તેમના જીવનના વિવિધ તબક્કાઓ પર આધારીત અંદાજે ૧૦૦ જેટલા ચિત્રો તૈયાર કરાયા છે. આ ચિત્રોમાં વાજપેયીના બાળપણના ગ્વાલિયર સ્થિત વિદ્યાલય રાજકીય હસ્તીઓ સાથે તેમજ વિવિધ યાદગાર પ્રસંગોના ચિત્રો પ્રદર્શિત કરવામાં આવ્યા છે તેઓ દેશના એકમાત્ર બિન કોંગ્રેસી વડાપ્રધાન છે. જેમણે પોતાની ટર્મ પૂરી કરી હોય. ૧૯૯૮માં તેમના નેતૃત્વ હેઠળ એનડીએની સરકાર પોકરણમાં પરમાણુ બોંબનું પરીક્ષણ કરીને સમગ્ર વિશ્વને ચોંકાવી દીધા હતા.

## ઓટો લોનના રેટમાં કાપ મૂકવા બેંકો દ્વારા શરૂઆત

નવી દિલ્હી, તા. ૨૫

મોટાભાગની બેંકો ઓટો લોનના રેટમાં કાપ મૂકવાની તૈયારી કરી ચૂકી છે. મળેલી માહિતી મુજબ ગ્રાહકોને આકર્ષિત કરવા તથા વેચાણને વધારવાના હેતુસર ઓટો લોનના રેટમાં કાપ મૂકવાનો સિલસિલો શરૂ થયો છે. ઘણી બેંકો પહેલાંથી જ ઓટો લોનના રેટમાં ૫૦ બેજિક પોઈન્ટ સુધીનો ઘટાડો કરી ચૂકી છે જેમાં કોટક મહિન્દ્રા બેંકનો સમાવેશ થાય છે. આ બેંક ઓટો લોનના રેટમાં ૫૦ બેજિક પોઈન્ટનો ઘટાડો કરી ચૂકી છે. આ ઉપરાંત એચડીએફસી બેંક પણ આટો લોન ઉપર તેના રેટમાં કાપ મૂકવાની ટૂંકમાં જ જાહેરાત કરશે. હાલમાં ઓટો લોનના રેટ ૧૪ ટકાથી ઘટીને ૧૧.૫-૧૨.૨૫ ટકા થઈ ગયા છે. ઓટો કંપનીઓનું કહેવું છે કે માંગને પ્રોત્સાહન આપવા માટે રેટ ઘટીને ૮થી ૯ ટકા સુધી નીચા રહેવા જોઈએ. બીજી બાજુ આરબીઆઈ પણ નવા વર્ષને રેટમાં કાપ મૂકી શકે છે. ફાઈનાશિયલ કંપનીઓ ઓટો લોનમાં કાપ મૂકી ચૂકી છે. કાર કંપનીઓનં કહેવું છે કે ૨૩-૫૦ બેજિક પોઈન્ટનો ઘટાડો ટૂંક સમયમાં જ કરવામાં આવી શકે છે.

કોટક મહિન્દ્રા બેંકના કારોબારી ઉપપ્રમુખ સુમિત બાલીનું કહેવું છે કે અમે રેટમાં ૨૫-૫૦ બેજિક પોઈન્ટનો ઘટાડો કરી ચૂક્યા છીએ. ઓટો લોનમાં રેટ ૧૧.૫-૧૨.૨૫ ટકાની આસપાસ છે. આરબીઆઈએ એવો સંકેત આપ્યો છે કે તે તેની નાણાંકીય નીતિ સમીક્ષામાં જાન્યુઆરી મહિનામાં વ્યાજદરમાં ઘટાડો કરી શકે છે. કાર કંપનીઓને આશા છે કે રેટમાં નજીવો કાપ તેના વેચાણના ચિત્રને સુધારવામાં મદદરૂપ થશે. એસબીઆઈ અને અન્ય બેંકો રેટમાં કાપ મૂકવા વિચારી રહી છે. અલબત્ત વર્તમાન રેટ બીજા ત્રીમાસિક ગાળા કરતા સારા છે. તે વખતે ઓટો લોનના રેટ ૧૪ ટકાની આસપાસ હતા. કાર કંપનીઓનું કહેવું છે કે જ્યાં સુદી રેટમાં ઘટાડો થશે નહીં ત્યાં સુધી માંગમાં તેજી આવશે નહીં. ઈક્વિડીટીની કટોકટીમાંથી બહાર આવવા બેંકો ગંભીરતાપૂર્વક વિચારી રહી છે.

## દેશમાં નોકરીની તકોમાં ૨૧ ટકાનો ઘટાડો થયો

નવી દિલ્હી, તા. ૨૫

રોજગારીની દ્દષ્ટિએ વર્ષ ૨૦૧૨માં ચિત્ર ઉજ્જવળ રહ્યુ નથી. ભારતમાં રોજગારીની તક ૨૧ ટકા સુધી ઘટી ગઈ છે. એસોચેમે અહેવાલ આપતા જણાવ્યું છે કે ગુજરાતના મોટા શહેરો ચોક્કસપણે રોજગારીની તકો ઉભી કરવામાં આગળ રહ્યા છે પરંતુ બાકીના રાજ્યોમાં રોજગારીની તક ઘટી છે. દેશમાં એકંદરે રોજગારીની તક ૨૧ ટકા સુધી ઘટી છે. જાન્યુઆરીથી લઈને ડિસેમ્બર ૨૦૧૨ વચ્ચેના ગાળામાં ૨૧ ટકાનો અકંદરે ઘટાડો થયો છે. આંકડા દર્શાવે છે કે જાન્યુઆરીથી જૂન મહિનાના ગાળામાં રોજગારીની તકો બીજા તબક્કાના ગાળાની સરખામણીમાં વધી હતી. એસોસિએટ ચેમ્બરર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે દેશભરમાં અર્થતંત્રના જુદા જુદા ક્ષેત્રોમાં રોજગારીની તકો જાન્યુઆરી અને જૂન વચ્ચેના ગાળામાં વધી ગઈ હતી. બાકીના ગાળામાં પ્રમાણમાં ઓછી રહી હતી. અહેવાલમાં જણાવાયું છે કે વર્ષના પ્રથમ છ મહિનાના ગાળામાં ૨૨૮૦૦૦ નોકરીની તકો ભારતભરમાં સર્જાઈ હતી. જ્યારે જુલાઈથી ડિસેમ્બર ૧૫ સુધીના ગાળામાં ૨૪૦૦૦૦ નોકરીની તકો સર્જાઈ હતી.